# પ્રકરણ - ૧૭

# માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલભ્ય સવલતોની વિગત

**માહિતી મેળવવા માટે ઉપલભ્ય સવલતોની વિગતો.**

લોકોને માહિતી મળી રહે તે માટે ઉદ્યોગ અને ખાણ વિભાગમાં નીચે જણાવેલ સવલતો ઉપલબ્ધ છે. ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતી માહિતી જુદા જુદા ૧૭ ભાગમાં આ પુસ્તિકામાં પ્રકાશિત કરવામાં આવેલ છે આ પુસ્તિકા સંદર્ભ અર્થે લોકો વિભાગના ગ્રંથાલયમાં મેળવી શકે છે. તદઉપરાંત આ પ્રકારની પુસ્તિકાઓ રાજયમાં આવેલ તમામ ગ્રંથાલયોને પણ પહોંચાડવામાં આવેલ છે. તેવીજ રીતે જિલ્લા કચેરીના નાગરિક સેવા કેન્દ્રો, ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તકની જિલ્લા તેમજ નીચેની કચેરીઓમાં પણ આ પુસ્તિકા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. સાથો સાથ વિભાગના નોટીસ બોર્ડ ઉપર પણ જરુરી વિગતો લોકોના જાણકારી તથા ઉપયોગ અર્થે મૂકવામાં આવેલ છે.

જો કોઇ અરજદારની, વિભાગમાં ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરવાની અરજી હોય તો તે માટે પણ એક અલાયદા રૂમની વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં અરજદારે માગણી કરેલ રેકોર્ડનું નિરીક્ષણ કરવા માટે સગવડ કરવામાં આવી છે. સાથો સાથ કોઇ અરજદારને વિભાગને લગતા કોઇ આપવાપાત્ર દસ્તાવેજોની નકલની જરુરીયાત હોય તો તેની નકલ પણ નિયમાનુસાર જરુરી ફી જમા કરાવી મેળવી શકે છે.

વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતા અધિનિયમો, નિયમો, નિયમ સંગ્રહની નકલ પણ વિભાગના ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે. જેનો પણ જાહેર જનતા જરુર પડયે ઉપયોગ કરી શકે છે. આ ઉપરાંત કોઇ અરજદારને વિભાગને સબંધિત માહિતી સહેલાઇથી તેમના રહેણાંકના સ્થળે મળી રહે તે હેતુસર ઉદ્યોગ અને ખાણ વિભાગને સબંધિત માહિતી, વિભાગની વેબસાઇટ www.imd-gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. આ ઉપરાંત વર્ષ દરમિયાન કોઇ અગત્યની માહિતી કે જાણકારી કે જેની જનતાને જાણ કરવી પણ જરુરી હોય તેવી માહિતી જે તે વખતે વર્તમાનપત્રોમાં જાહેર ખબર / અખબારી યાદી દ્વારા પણ પ્રસિધ્ધ કરવાનું આયોજન છે. તેવી જ રીતે કેટલીક જાણકારીઓ સંદર્ભમાં વિભાગ હસ્તકના ખાતાઓ દ્વારા પ્રદર્શનો યોજીને જાહેર જનતા માટે જાણકારી પણ આપવામાં આવે છે. આ પ્રદર્શનોની જાણ જનતાને પહોંચે તે માટે પણ તંત્ર દ્વારા જરુરી કાળજી લેવામાં આવે છે.